## આત્મ-ચારિત્રની ખીલવણી માટેનો ક્રમ

તા. ૨૭. ૧૨. ૨૦૧૯

૧ ૐ ૩

૨ નવકાર મંત્ર ૩

૩ ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે, ૩
મિત્તિ મે સવ્વ ભૂએસુ, વૈરં મજ્ઝં ન કેણઈ.

૪. હર આળસ એદીપણું, હર અઘ ને અજ્ઞાન, ૨
હર ભ્રમણા ભારત તણી, ભય ભંજન ભગવાન.

૫. હે જીવ! ક્યા ઈચ્છત હવે, હૈ ઈચ્છા દુઃખમૂલ; ૨
જબ ઈચ્છાકા નાશ તબ, મીટે અનાદિ ભૂલ.

૬ રે! આત્મ તારો! આત્મ તારો! શીઘ્ર એને ઓળખો, ૨
સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો.

૭ કોઈનો દોષ નથી. અમે કર્મ બાંધ્યા માટે અમારો દોષ છે. ૩

૮ ભગવાન! મારે સુધરવું છે, તમે મને સુધારો. ૪
ભગવાન! અમારે સુધરવું છે, તમે અમોને સુધારો. ૪ ૨

૯ આદિનાથ! આશા પૂરો. ૪ શાંતિનાથ શાતા કરો. ૪
પાર્શ્વપ્રભુ પરચા પૂરો. ૪ વીરપ્રભુ વીરતા આપો. ૪
સિમંધર સ્વામી! આજ્ઞા કરો. ૪ કૃપાળુદેવ કૃપા કરો. ૪
શ્રી ગુરુદેવ રક્ષા કરો. ૪

૧૦ અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? ૧
બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહિ,
વંદે ચક્રી તથાપિ ન મળે માન જો,
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહિ છો પ્રબળ સિદ્ધિ નિદાન જો. અપૂર્વ.

૧૧ મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર, ૨
કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર.

૧૨. અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? ૧
શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,
માન અમાને વર્તે તે જ સ્વભાવ જો,
જીવિત કે મરણે નહિ ન્યૂનાધિકતા,
ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો. અપૂર્વ.

13 રોક્યા શબ્દાદિક વિષય, સંયમ સાધન રાગ, 2
જગત ઈષ્ટ નહિ આત્મથી, મધ્ય પાત્ર મહા ભાગ્ય.
14 અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? 1
ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહિ
સરસ અન્ને નહિ મનને પ્રસન્ન ભાવ જો,
રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યાં પુદ્ગલ એક સ્વભાવ જો. અપૂર્વ.
15 નહિ તૃષ્ણા જીવ્યા તણી, મરણ યોગ નહિ ક્ષોભ, 2
મહાપાત્ર તે માર્ગના, પરમ યોગ જિતલોભ.
16. પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસે, સબ આગમ ભેદ સુઉર બસે, 2
વહ કેવલકો બીજજ્ઞાની કહે, નિજકો અનુભવ બતલાઈ દિયે. 2
17 પામશું પામશું પામશું રે, કેવળજ્ઞાન હવે તો પામશું રે. 2
શુક્લધ્યાને બહુ સ્થિર થઈને (2) અંતરના વેગને વધારશું રે (2) કેવળ.
એમ કષાયથી ભિન્ન થઈને (2) આત્માના ગુણમાં રહીશું રે. (2)
જ્ઞાન, દર્શન ને ચારિત્ર પામીને (2) શુદ્ધ સ્વરૂપ પ્રગટાવીશું રે. (2) કેવળ.
18 હરી અવરને હાર, એ છે ચૌદ પૂર્વનો સાર. | 2
હરી અવરને હાર, એ છે ૐ નો પરિવાર.
હરી અવરને હાર, એ છે ચૌદ પૂર્વનો સાર, | 2
હરી અવરને હાર, એ છે કેવળી પ્રભુનો સાથ.
19 અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? 1
એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગરને હાલ મનોરથ રૂપ જો;
તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો. અપૂર્વ
20 ૐથી ૐમાં ૐરૂપે અમે ૐ બનશે. 4
21 આતમજ્યોતિ અનુભવી હું, ] 2
શાંત રસમાં રમતી રહું,
વીતરાગતાના તાણે વાણે, 2
એકતા રસમાં સ્થિર બનું, 2
એ અનુભવ મને નિત્ય રહો. 3